ISSN: 2319-202X

# કિરાતાર્જુનિયમના સંદર્ભે અર્થગૌરવના પુરસ્કર્તા ભારવિ

**ડૉ. રાકેશ આર પટેલ**
એસોસિએટ પ્રોફેસર, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી,ગાંધીનગર
Mo. 9408640930 Email:- rakesh11051960@gmail.com

ભારવિ માટે અનેક વિદ્વાનોએ પ્રશસ્તિગાન કર્યું છે. જેમાં ...

- भारवेर्वा रवेरिव । ( परंपराप्राप्त )
- भारवेरर्थगौरवम् । ( परंपराप्राप्त )
- प्रकृति मधुरा भारविगिर: । ( सदुक्तिकर्णामृत )
- नारिकेलफलसंमितं वचो भारवे: । ( मल्लिनाथ )
- तादात्म्यं भावरसयोर्भारवि: स्पष्टमुचिवान् । ( शारदातनय)
- There is no doubt of the power of Bharavi in descriptions; his style at its best has a calm dignity which is certainly attractive, while he excels also in the observation and record of the beauties of Nature and Maidens (અપ્સરા – અપરણિત છોકરી). (A.B.Kieth)

**મહાકવિ ભારવિ**

ભારવિ એટલે રવે: ભા – રવિ(સૂર્ય)નું તેજ જેનામાં છે તે. ભારવિએ માત્ર એક જ મહાકાવ્ય લખ્યું, 'કીરાતાર્જુનીયમ'. છતાં તે એટલું પ્રભાવી છે, કે એ મહાકાવ્યના સર્જનને કારણે ભારવિને 'મહાકવિ'ની પદવી મળી. ભારવિનું જીવનચરિત્ર મળતું નથી. પરંતુ કહેવાય છે, કે તેઓ ધનથી દરિદ્ર વિદ્વાન હતા. બુભુક્ષિતે કાવ્યરસૌ ન પીયતે. તેઓની પત્ની કવિને રાજા પાસે જઈને પોતાની દરિદ્રતાનું વર્ણન કરવાનું કહેતી અને એ રીતે કવિને હેરાન કરતી. કંટાળીને એક વાર કવિ રાજાને મળવા ચાલ્યા. રસ્તામાં થાકીને તેઓ એક સરોવર કાંઠે બેઠા અને કમલપત્ર પર એક શ્લોક લખ્યો:

સહસા વિદધીત ન ક્રિયામ અવિવેક: પરમ: પદાંપદમ વૃણુતે હિ વિમૃશ્યકારિણં ગુણલુબ્ધા: સ્વયમેવ સંપદ:

કોઈ પણ કાર્ય અચાનક ન કરવું. કાર્યના ગુણ–દોષ તેમજ તેના પરિણામનો વિચાર કરીને કાર્ય કરવાવાળાના ગુણો પર લુબ્ધ થઈને સંપત્તિ ખુદ તેનો સ્વીકાર કરે છે – એટલે કે એવા માણસને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

સંજોગવશાત શિકાર અર્થે જંગલમાં ગયેલો રાજા તે જ સરોવર કાંઠે આવીને કવિને મળ્યો. કવિએ રાજાને એ શ્લોક વંચાવ્યો. રાજાને પસંદ આવવાથી સુવર્ણાક્ષરે શ્લોકને મહેલમાં કોતરાવ્યો.

किरातार्जुनियम् ની કથા

કિરાત એટલે ભીલ. કિરાતાર્જુનીયમમાં ભીલ અને અર્જુનના સંઘર્ષની વાત છે. ભગવાન શિવજી અર્જુનની પરીક્ષા કરવા માટે ભીલનું રુપ લઈને આવે છે. એક સુવ્વર(ભુંડ)ને અર્જુન બાણ મારે છે. મરેલા ભુંડની નજીક જઈને અર્જુન જુએ છે તો ભુંડને બે બાણ વાગેલા હોય છે. ભીલના રુપમાં શિવ દાવો કરે છે, કે ભુંડ એમનો શિકાર છે. અને બન્ને વચ્ચે યુદ્ધ શરુ થાય છે. લડતાં–લડતાં શિવજીએ અર્જુનનું ધનુષ્ય તોડી નાંખ્યું તો અર્જુને તુટેલું ધનુષ્ય શિવજીના મસ્તક પર ફટકાર્યું તેથી ભગવાન શિવ પિનાકપાણિ તરીકે ઓળખાયા. ત્યારબાદ અર્જુને મલ્લયુદ્ધ શરુ કર્યું. શિવજીને મન આ બધી રમત હતી પરંતુ અર્જુન પોતાની તમામ તાકાત વાપરીને, જીવ પર આવીને, પ્રમાણિકતાથી લડતો હતો. આથી શિવજી અર્જુન પર પ્રસન્ન થયા ને અર્જુનને 'પાશુપતાસ્ત્ર' ભેટ આપ્યું.

મહાભારતમાં વનપર્વમાં 36થી 40 અધ્યાયમાં આ બાબતનું વિવેચન છે. પાંડવો દ્વૈતવનમાં નિષ્ક્રિય હતા. 'શું કરવું' એ અંગે કિંકર્તવ્યમૂઢ હતા. તેઓને ઉદ્યમ માટે તૈયાર કરવા માટે 'કિરાતાર્જુનીયમ' નામના આ મહાકાવ્યની રચના થઈ છે. પ્રથમ દ્રૌપદીને ગુસ્સો આવ્યો. દ્રૌપદી અને ભીમના મનનું સમાધાન કરતા યુધિષ્ઠીર મહાભારતનો જાણીતો શ્લોક ઉચ્ચારે છે: લભ્યા ધરિત્રી તવ વિક્રમેણ . . . પ્રકર્ષ તંત્રા હિ રણે જયશ્રી. વેદવ્યાસ વનમાં આવીને પાંડવોને મળે છે અને જાણ કરે છે, કે કૌરવોને યુદ્ધમાં હરાવ્યા વિના પાંડવોને તેઓનું રાજ્ય પરત મળવાનું નથી. કૌરવ પક્ષે કેટલા સબળ યોદ્ધાઓ છે, એની જાણ પણ તેઓ પાંડવોને કરે છે. છેલ્લે વેદવ્યાસ પાંડવોને અદૃષ્ટ(ઈશ્વરીય કૃપા)ની પ્રાપ્તિ માટે તપ કરવાનું સુચન કરે છે. ચર્ચાને અંતે નક્કી થાય છે, કે અર્જુન તપ માટે યોગ્ય વ્યક્તિ છે તેથી અર્જુન ઈન્દ્રકિલ પર્વત પર તપ કરવા જશે.

મહાકવિ કાલિદાસે કાવ્યકળામાં કળા અને ભાવ બંને પક્ષે સમાનતા કેળવી હતી. મહાકાવ્યોના ઈતિવૃત્ત પરત્વે અવહેલના તથા ભાવપક્ષ કલાપક્ષનો સમન્વય કાલિદાસે સાધ્યો છે. ત્યારપછીના સમયના કવિઓએ પોતાના કાવ્યમાં રીતિપક્ષને મહત્વ આપેલું છે. પછીથી ઘણા મહાકાવ્યો લખાયેલા છે, પરંતુ એ બધા મહાકાવ્યોમાં બાહ્યસ્વરૂપ અર્થાત્ રીતિ ઉપરા જ ધ્યાન અપાયેલું છે. આ સમયનાં માહાકાવ્યોમાં પાનડીટયા પ્રદર્શન થતું જોવા મળે છે. ભારવી , માઘ અને શ્રી હર્ષ વગેરેમાં આજ રીતિ જોવા મળે છે. કથાવસ્તુને આધારસ્થંભ બનાવીને પોતાની શૈલીનું પ્રદર્શન એ જ જાણે આ કવિઓનું ધ્યેય હોય એમ લાગે છે. ભામહ અને દંડીએ મહાકાવોની જે પરીભાષા બતાવી છે. એ જાણે આ કવિઓએ આત્મસાત કરી છે. ભાવી તેની શરૂઆત કરી છે.આમ એક રીતે તો નવી કહી શકાય એવી કાવ્ય પ્રવૃત્તિના જન્મદાતા ભારવીને કહી શકાય.

ભારવિ દ્વારા આલેખિત જીવન સિદ્ધાંત

1. ભારવિ જીવનાભિલાષા અને જીજીવિષા વચ્ચેનો ફર્ક બતાવે છે અને પાંડવોને ઈન્દ્ર જેવી જીજીવિષા નિર્માણ કરવા કહે છે. પરાક્રમપુર્વક જીવવું એટલે જીજીવિષુવૃત્તિ. વિજય મેળવવાની અભિલાષા એટલે વિજિગિષુવૃત્તિ. ઈન્દ્ર જીજીવિષુ વૃત્તિનો છે.

મહાભારત વાંચતા લોહી ઉકળતું નથી એ ભારવિને યોગ્ય લાગતું નથી. કિરાતાર્જુનીયમમાં દ્રૌપદીનું ભાષણ ક્રોધયુક્ત જણાય છે. એ કહે છે: "હે પાંડવો, તમે લડવા નથી માંગતા તો યજ્ઞકુંડ બનાવી 'સ્વાહા, સ્વાહા' કરતા બેસો. અન્યથા અન્યાયને પડકારો. અન્યાયીનો ઉત્કર્ષ અને આપણો અપકર્ષ હોઈ જ કેમ શકે?"

2. આ રીતે અન્યાયને પડકારનારા, પરાક્રમી તેમજ શૂર–વીર નાગરિકો જન્માવવાની ભાવનાથી મહાકવિ ભારવિને આ મહાકાવ્ય લખવાની પ્રેરણા થઈ. અને એ પ્રેરણા પણ કયા પાત્ર દ્વારા કવિ આપણને આપી રહ્યા છે: 'દ્રૌપદી'ના પાત્રથી !
3. એક સિદ્ધાંત છે, કે તપ કરવાથી વ્યક્તિની લડાયક વૃત્તિ નાશ પામે છે. આથી અર્જુનની લડાયક વૃત્તિ તપાસવા ભગવાન શિવ તેની પરીક્ષા લે છે. ભગવાનની પરીક્ષામાં જે પાસ થાય છે, એ જ ભગવાનની કૃપાને લાયક ઠરે છે. મહાકવિ ભારવિને મહાભારતમાં નિષ્ક્રિય, અકર્મણ્ય અને સિદ્ધાંતરહિત જીવન જીવનારા ક્ષત્રિયો દેખાયા. ઋગ્વેદમાં 250થી વધુ ઈન્દ્રસૂક્ત છે. ઈન્દ્ર પૌરુષના દેવ છે. કથાકારોએ ઈન્દ્રની એટલી હદે બદનામી કરી છે, કે ઈન્દ્રની સાચી ઓળખ માટે એક લેખ લખવો પડે. (1)

**કાવ્યવિભાવના –**

ભારવીએ પ્રકારાન્તરે પાત્રોની ઉક્તિઓના માધ્યમથી પોતાને અભીષ્ટ કાવ્યવિભાવના પ્રગટ કરી છે.

1. (સર્ગ 1– શ્લોક 3):– 'તે ( વનેકચારે યુધિષ્ઠિરને) શબ્દની સમર્થતા અને અર્થની સંપત્તિથી વિશેષપણે શોભતી (તેમજ) નિશ્ચિત અર્થવાળી વાણી આ પ્રમાણે કહી.'
   અહીં શબ્દોની સમર્થતા, અર્થસંપત્તિ વડે પ્રાપ્ત થતી શોભા અને નિશ્ચિત અર્થપ્રાપ્તિ – આ ત્રણનું મહત્ત્વ આપ્યું છે.
2. 2–27 શ્લોક :– 'તારી વાણીના પદોએ સ્પષ્ટતા છોડી નથી. અર્થનું ગૌરવ નથી સ્વીકારાયું એવું નથી. વાણીમાં એકબીજાથી સ્વતંત્ર અર્થો જળવાયા છે. ક્યારેય પણ સમર્થતાનો ત્યાગ થયો નથી.
   અહીં ભીમની ઉક્તિની પ્રશંસા છે; તે યુધિષ્ઠિર કહી રહ્યા છે : પડોની સ્પષ્ટતા, અર્થગૌરવ, પુનરુક્તિનો અભાવ, સમર્થતા – આ ચારનું મહત્ત્વ દર્શાવ્યું છે.
3. 14– 3 શ્લોક– અર્જુનની કિરાતને ઉક્તિ છે – ' સ્પષ્ટ અક્ષરોથી શોભતી, સાંભળવાથી સુખ થાય તેવી, શત્રુઓનાં હૃદયને પણ પ્રસન્ન કરતી, પ્રસાદયુક્ત અર્થ ગંભીરતાવાળા પદોવાળી વાણી પાપીઓના મુખમાંથી નથી નીકળતી.
4. 14–5 શ્લોક :અર્જુનની કિરાતને ઉક્તિ છે.
   ' કેટલાક મહત્ત્વની અર્થસંપત્તિની પ્રશંસા કરે છે, તો બીજા વિદ્વાનો શબ્દની શુદ્ધિને વખાણે છે. દરેક પુરુષમાં અલગ અલગ રુચિ રહેલી છે. ત્યારે બધાને એક સરખી રીતે પ્રિય લાગે એવી વાણી એકદમ દુર્લભ છે.